## મુંબઈના પૂર્વ પોલીસ કમિશનર, ભાજપ પ્રવક્તા અને પત્રકાર વચ્ચે ત્રિકોણીય જંગ


સંબીત પાત્રા


સુચરિતા મોહંતી


અરૂપ પટનાયક

ઓડિશાની ચર્ચિત બનેલી પુરી લોકસભા બેઠક દેશભરમાં ચર્ચાના કેન્દ્રમાં છે. આ બેઠક 1998થી બીજુ જનતાદળનો ગઢ રહી છે. આ બેઠક પર વ્યવસાયે ડોક્ટર અને ટેલિવિઝન ચેનલોની ડીબેટમાં ખૂબ જાણીતા ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા સંબીત પાત્રા સામે ઓડિશાનાં મુખ્યમંત્રી નવીન પટનાયકે બીજુ જનતાદળના ઉમેદવાર બદલી મુંબઈના પૂર્વ પોલીસ કમિશનર રહેલ અરૂપ પટનાયકને ટિકિટ આપી છે, તો કોંગ્રેસે ઇકોનોમિક ટાઈમ્સ અને યુનાઈટડ નેશનમાં બિઝનેસ બીટનાં પત્રકાર રહેલા સુચરિતા મોહંતીને 2014 પછી 2024 માં ફરી ટિકિટ આપી ચૂંટણી જંગને ત્રિકોણીય બનાવ્યો છે. પુરી જિલ્લાની સંસદીય બેઠક બનાવવા માટે 3 જિલ્લાના વિસ્તારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. પુરી સંસદીય બેઠક હેઠળ વિધાનસભાની 7 બેઠક છે. જેમાં પુરી જિલ્લામાંથી 4, ખોરધામાંથી 2 અને નયાગઢની 2 બેઠકનો સમાવેશ થાય છે. અહીં 7 બેઠકમાંથી ભાજપે 2 બેઠકો જીતી હતી અને બાકીની 5 બેઠકો BJDએ જીતી હતી.


બિગ ફાઈટ
પુરી - ઓડિશા
દેશની અગત્યની - ચર્ચાતી બેઠકનો પરિચય

### પુરી સીટ નહીં છોડવાની ભાજપની જીદને લીધે BJD સાથે ગઠબંધન ન થયું

ઓડિશામાં લોકસભાની 21 અને વિધાનસભાની 147 બેઠક માટે એક સાથે ચૂંટણી થઈ રહી છે. 2019ની લોકસભાની ચૂંટણી અહીં ભાજપના સંબિત પાત્રા માત્ર 11,714 મતોથી હાર્યા હોવાથી ભાજપ દરેક સર્વેમાં તે A+ શ્રેણીમાં આવેલી પુરીની બેઠક બીજુ જનતાદળને આપવા માંગતી ન હતી. જેને લીધે ભાજપે ઓડિશામાં BJD સાથે ગઠબંધન માટે છેડો ફાડી બધી બેઠકો એકલા લડવાનો નિર્ણય લીધો હતો. સૂત્રો કહે છે કે ઓડિશામાં બીજેડી વતી વાટાઘાટકાર અને વ્યૂહરચનાકાર, અમલદાર બનેલા રાજકારણી બી.કે. પાંડિયનની શૈલી અને મહત્વાકાંક્ષાને કારણે ભાજપ સાથેની વાતચીત સફળ થઈ શકી નથી. કારણકે BJD ચીફ નવીન પટનાયક બીમાર રહે છે, પાર્ટીનાં એમના ઉત્તરાધિકારી તરીકે પાંડિયનને ગણવામાં આવે છે. જોકે જાણકારો કહે છે કે પટનાયક બીમાર ચાલી રહ્યા હોવાથી તેઓ જોઈએ એવા સક્રિય નથી આ જ સ્થિતિમાં ભાજપ ઓડિશા પર કબજો કરી શકે છે.એને લીધે પણ ગઠબંધન થયું નથી.

### 2014-2019ની ચૂંટણીમાં અહીં કોણ જીત્યું?

2019ની સંસદીય ચૂંટણીમાં પુરી લોકસભા સીટ પર સખત મુકાબલો હતો. બીજેડીના પિનાકી મિશ્રાએ જોરદાર મુકાબલામાં ભાજપના સંબિત પાત્રાને હરાવ્યા હતાં. પિનાકી મિશ્રાને 5,38,321 વોટ મળ્યા જ્યારે ભાજપના દિગ્ગજ નેતા સંબિત પાત્રાને 5,26,607 વોટ મળ્યા હતા. ભારે ટક્કર પછી પિનાકી મિશ્રાએ 11,714 મતોની સરસાઈથી જીત મેળવી હતી. વર્ષ 2014માં પુરી લોકસભા બેઠકની ચૂંટણીમાં BJD પાર્ટીના ઉમેદવાર પિનાકી મિશ્રાએ કુલ 5,23,161 મતો મેળવીને જીત મેળવી હતી. અહીં બીજા ક્રમે પત્રકાર રહેલા કોંગ્રેસના ઉમેદવાર સુચરિતા મોહંતી 2,59,800 મત મેળવી ગયા હતા. અહીં પિનાકી મિશ્રા 2,63,361 મતની સરસાઇથી જીત્યા હતાં.

### શું આ વખતે સંબિત પાત્રા જીતશે?

2011ની વસ્તી ગણતરી મુજબ, પુરી જિલ્લાની વસ્તી 16,98,730 હતી, જેમાંથી ગ્રામીણ વસ્તી 14,33,800 અને શહેરી વસ્તી 2,64,930 હતી. અહીં અનુસૂચિત જાતિની વસ્તી 3,25,133 હતી જ્યારે અનુસૂચિત જનજાતિની વસ્તી 4,482 હતી. અહીંના મુખ્ય પાકો ડાંગર, ઘઉં, મગ, બીરી, ઘોડા ચણા અને મગફળી છે. 2019માં ભાજપ પુરી લોકસભા સીટ જીતવાની નજીક પહોંચી ગયું હતું, પરંતુ હારનો સામનો કરવો પડ્યો હતો. ભાજપે ફરીથી સંબિત પાત્રાને અહીં મેદાનમાં ઉતાર્યા છે, તેઓ 2019 માં માત્ર 11,714 મતોની સરસાઈથી હારી ગયા હતાં. એને લીધે 2024 માં બીજેડીએ જીતની હેટ્રીક લગાવનાર પિનાકી મિશ્રાને બદલી સુપર કોપ અરૂપ પટનાયકને તક આપી છે.

### કોણ છે BJDનાં સુપર કોપ ઉમેદવાર અરૂપ પટનાયક

2019ની લોકસભા ચૂંટણીમાં ભુવનેશ્વર લોકસભા બેઠક પરથી બીજેડીના ઉમેદવાર તરીકે અરૂપ પટનાયક ભાજપનાં અપરાજિતા સારંગી સામે હારી ગયા હતા. અરૂપ પટનાયકે 36 વર્ષ સુધી મહારાષ્ટ્ર કેડરના IPS અધિકારી તરીકે સેવા આપી છે. પટનાયકે 1992-93ના મુંબઈ કોમી રમખાણો અને 1993ના બોમ્બ વિસ્ફોટો દરમિયાન ગંભીર તપાસનું નેતૃત્વ કર્યું હતું. તેમણે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઇ) માં પણ સેવા આપી હતી, હર્ષદ મહેતા કૌભાંડ જેવા હાઈ-પ્રોફાઈલ કેસોની દેખરેખ તેમણે રાખી હતી. અરૂપ પટનાયકની ઓક્ટોબર 2019 માં બીજેડીની સામાજિક સેવા પાંખ, 'ઓડિશા મો પરિવાર' ના સંયોજક તરીકે નિમણૂક કરવામાં આવી હતી.

# ભારતનાં બંધારણમાં રાજકીય પક્ષો માટે કોઈ સ્થાન જ નહોતું

## ચૂંટણી પંચે ૧૯૬૮માં એક આદેશ બહાર પાડીને રાજકીય પક્ષોને ચૂંટણી ચિહ્ન ફાળવવાની પ્રથાનો પ્રારંભ કર્યો હતો

આ મથાળું વાંચીને કદાચ તમે ચોંકી જશો કે જો ભારતનાં બંધારણમાં કોંગ્રેસ, ભાજપ, જનતા પક્ષ વગેરે પક્ષોને સ્થાન નહોતું તો આ રાજકીય પક્ષો ક્યા આધારે સત્તા ભોગવી રહ્યા છે?

હકીકતમાં ભારતનાં મૂળ બંધારણ મુજબ લોકસભાની રચના કરવામાં આવતી હતી અને લોકસભાનો જે નેતા સૌથી વધુ સભ્યોનો ટેકો ધરાવતો હોય તેની સરકાર રચવાની હતી.

૧૯૫૦ના લોકપ્રતિનિધિત્વ ધારા મુજબ ચૂંટણી પંચ દ્વારા કોઈ રાજકીય પક્ષને માન્યતા આપવામાં નહોતી આવતી અને તેમને ચૂંટણી લડવા માટે ચિહ્નની ફાળવણી કરવામાં નહોતી આવતી.

વર્ષ ૧૯૫૨માં ભારતમાં પહેલી વાર લોકસભાની ચૂંટણી યોજાઈ તેમાં ભાગ લેનારા તમામ પક્ષોના ઉમેદવારોને લોટરીનો ડ્રો કરીને વિવિધ ચૂંટણી ચિહ્નની ફાળવણી કરવામાં આવી હતી.


ચૂંટણી પે ચર્ચા
ચૂંટણીના મહત્ત્વના મુદ્દા-પરિબળોની છણાવટ

ભારતનાં બંધારણમાં રાજકીય પક્ષો માટે કોઈ જોગવાઈ નહોતી તો પણ કેટલાક ઉમેદવારો કોંગ્રેસ, જનસંઘ, સ્વતંત્ર પક્ષ વગેરે રાજકીય પક્ષોના બેનર હેઠળ ચૂંટણી લડતા હતા.

તેમને ચોક્કસ ચિહ્ન મળી શકે તે માટે ચૂંટણી પંચે ૧૯૬૮માં એક આદેશ બહાર પાડીને રાજકીય પક્ષોને ચૂંટણી ચિહ્ન ફાળવવાની પ્રથાનો પ્રારંભ કર્યો હતો. જોકે તે સમયે દેશનાં બંધારણમાં કે કાયદામાં રાજકીય પક્ષની વ્યાખ્યા જ કરવામાં આવી નહોતી. તેમ છતાં રાજકીય પક્ષોને ચૂંટણી ચિહ્ન ફાળવવાની સત્તા મળી એટલે તેના મોવડીમંડળની તાકાત બહુ વધી ગઈ હતી.





ભારતમાં રાજકીય પક્ષો તો ૧૯૪૭ પહેલાં પણ હતા, પણ તેમને માન્યતા આપતી કલમ ૨૯-એ ૧૯૫૧ના લોકપ્રતિનિધિત્વ ધારામાં છેક ૧૯૮૮માં દાખલ કરવામાં આવી હતી. આ કલમ હેઠળ ચૂંટણી પંચ દ્વારા રાજકીય પક્ષોને માન્યતા આપવાના નિયમો બનાવવામાં આવ્યા હતા.

ચૂંટાયેલા પ્રતિનિધિઓ રાજકીય પક્ષોના ચિહ્ન પર ચૂંટણી લડતા હતા તો પણ તેઓ સંસદમાં પોતાના મતદારોના હિતમાં અંતરાત્માના અવાજ મુજબ મતદાન કરવા સ્વતંત્ર હતા.

૧૯૮૫માં રાજીવ ગાંધીની સરકારે બંધારણમાં બાવનમો સુધારો કરાવીને પક્ષપલટા વિરોધી કાયદો બનાવ્યો તેને કારણે ચૂંટાયેલા સંસદસભ્યો રાજકીય પક્ષોના ગુલામ બની ગયા છે.

હવે સંસદમાં કોઈ પણ મહત્ત્વના ખરડા ઉપર મતદાન થાય તો સંસદસભ્યે પોતાના અંતરાત્માના અવાજ મુજબ નહીં પણ રાજકીય પક્ષના આદેશ મુજબ જ મતદાન કરવું પડે છે.

જો કોઈ સંસદસભ્ય પોતાના મતદારોના આદેશ મુજબ મતદાન કરે તો તેની પક્ષમાંથી હકાલપટ્ટી કરવામાં આવે છે અને તેનું સંસદસભ્યપદ પણ રદ્દ કરવામાં આવે છે. આ કાયદાને કારણે તમામ સંસદસભ્યો લોકોના પ્રતિનિધિ મટીને રાજકીય પક્ષોના ગુલામ બની ગયા છે.

**-સંજય વોરા**

**પહેલાં આવી મતપેટીઓમાં મત નંખાતા હતા. અને મતદારો તેમનો સંદેશ પણ લખતા હતા.**





## ભાજપે સુરેન્દ્રનગરમાં કેન્દ્રિય મંત્રી મહેન્દ્ર મુંજપરાની ટિકિટ કાપી ચુંવાળિયા કોળી સમાજના ચંદુભાઈ સિહોરાને ટિકીટ આપી છે

# ભાજપ અને કોંગ્રેસના કોળી સમાજના ઉમેદવારો વચ્ચે જંગ

1989થી અત્યાર સુધીમાં સુરેન્દ્રનગર બેઠક ભાજપ છ વખત જીતી ચૂક્યુ છે. કોળી સમાજના નેતા સોમા ગાંડાભાઈ પટેલ આ બેઠક પરથી ચાર વખત ચૂંટાઈ આવ્યા છે, જેમાં ત્રણ વખત ભાજપના ચિન્હ પર તથા એક વખત કોંગ્રેસના પંજાના નિશાન પર તેઓ વિજયી બન્યા હતા. 2024ની લોકસભાની ચૂંટણીમાં ભાજપ દ્વારા સુરેન્દ્રનગર બેઠક માટે પોતાના સાંસદ અને કેન્દ્રિય મંત્રી મહેન્દ્ર મુંજપરાની ટિકિટ કાપી ચુંવાળિયા કોળી સમાજના ઉમેદવાર ચંદુભાઈ શિહોરાને ટિકીટ અપાઈ છે. જ્યારે કોંગ્રેસ દ્વારા તળપદા કોળી સમાજના ચોટીલાના પૂર્વ ધારાસભ્ય ઋત્વિક મકવાણાને ટિકીટ આપવામાં આવી છે. સુરેન્દ્રનગર લોકસભા બેઠક વર્ષ 1962થી અસ્તિત્વમાં આવી. આઝાદી પછી આ બેઠકનું નામ શરૂઆતમાં ઝાલાવાડ હતું. ત્રણ ચૂંટણી એટલે કે 1957 સુધી એ સ્થિતિ રહી. ત્યાર બાદ વર્ષ 1962થી આ બેઠકનું નામ સુરેન્દ્રનગર કરવામાં આવ્યું. 1952થી 1962 સુધી સુરેન્દ્રનગર બેઠક પર કોંગ્રેસનો કબજો જોવા મળતો હતો. વર્ષ 1989ની ચૂંટણીથી ભાજપે પોતાની તાકાત બતાવવાની શરૂઆત કરી દીધી હતી.

દંગલ ગુજરાત
સુરેન્દ્રનગર બેઠક
ગુજરાતની લોકસભા બેઠકનું વિશ્લેષણ

સુરેન્દ્રનગર લોકસભા બેઠક માટે સુરેન્દ્રનગર જિલ્લા અને અમદાવાદ જિલ્લાના મતદારો મતદાન કરે છે. કેટલાંક મોરબી જિલ્લાના ગામો પણ આ બેઠકમાં આવી જાય છે. સુરેન્દ્રનગર બેઠક હેઠળ અમદાવાદ જિલ્લાની વિરમગામ અને ધંધુકા વિધાનસભા બેઠકનો સમાવેશ થાય છે. બીજી તરફ સુરેન્દ્રનગરની દસાડા, લીંબડી, વઢવાણ, ચોટીલા અને ધ્રાંગધ્રા વિધાનસભા બેઠકના લોકો મતદાન કરે છે. ચંદુભાઈ શિહોરા મોરબી જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળી ચૂક્યા છે. ભાજપના મોરબી જિલ્લાના પૂર્વ ઉપ પ્રમુખ પણ રહી ચૂક્યા છે. જ્યારે ઋત્વિક મકવાણા 2017ની વિધાનસભા ચૂંટણીમાં ચોટીલા બેઠક પરથી વિજયી બન્યા હતા.

### જ્ઞાતિના મતોનું સમીકરણ

સુરેન્દ્રનગરમાં વસતિની દ્રષ્ટિએ ચુંવાળિયા કોળી કરતા તળપદા કોળી વધુ છે, છતાં ભાજપે અન્ય સીટના બેલેન્સ સાધવા માટે ચુંવાળિયા કોળીને ટિકિટ આપી છે. સુરેન્દ્રનગરમાં ખાસ કરીને ધ્રાંગધ્રા અને હળવદવાળા પટ્ટામાં ચુંવાળિયા કોળીની વસતિ વધુ છે. જ્યારે ચોટીલા, સાયલા અને લીંબડીવાળા પટ્ટામાં તળપદા કોળી વધુ છે.કોળી સમાજના મતો 5.89 લાખ , ક્ષત્રિય સમાજના મતો 2.23 લાખ , દલિ સમાજના મતો 2.03 લાખ , માલધારી સમાજના મતો 1.83 લાખ , પાટીદાર સમાજના મતો 1.83 લાખ , મુસ્લિમ સમાજના મતો 1.01 લાખ , બ્રાહ્મણ સમાજના મતો 0.61 લાખ , જૈન સમાજના મતો 0.41 લાખ અને અન્ય સમાજના મતો 4.47 લાખ જેટલા થવા જાય છે. સુરેન્દ્રનગર બેઠક ઉપર કોળી સમાજના મતોનું પ્રભુત્વ જોવા મળી રહ્યું છે. જ્યારે આ બેઠક ઉપર 20.33 લાખ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.


ચંદુભાઈ સિહોરા V/S ઋત્વિક મકવાણા




### પક્ષ કરતાં ઉમેદવારના વ્યક્તિત્વનું વર્ચસ્વ વધુ

આ બેઠક પર પક્ષના વર્ચસ્વ કરતાં ઉમેદવારના વ્યક્તિત્વનું વર્ચસ્વ વધુ છે. સોમા ગાંડા પટેલ ચાર વખત સાંસદ બન્યા છે. મહત્વનું એ છે કે સોમા ગાંડા પટેલ બે વખત કોંગ્રેસમાંથી ચૂંટાયા છે. જ્યારે બે વખત ભાજપમાંથી ચૂંટણી જીત્યા છે. પક્ષ બદલી અને ચૂંટણીના મેદાનમાં બાજી મારી ચૂક્યા છે. સોમા ગાંડા પટેલે 7 વખત ચૂંટણી લડી છે. જેમાં 4 વખત વિજેતા થયા જ્યારે 3 વખત હારનો સામનો કરવો પડ્યો છે.

### અત્યાર સુધીની લોકસભા ચૂંટણીમાં કોણ વિજેતા થયું ?

1962- ઘનશ્યામભાઇ ઓઝા (કોંગ્રેસ), 1967 મેઘરાજજી (SWA), 1971- રસિકલાલ પરીખ (કોંગ્રેસ), 1977 - આર.કે. અમીન ( BLD), 1980- દિગ્વિજયસિંહ ઝાલા (કોંગ્રેસ), 1984- દિગ્વિજયસિંહ ઝાલા (કોંગ્રેસ), 1989 સોમાભાઇ ગાંડાભાઇ પટેલ (ભાજપ), 1991 સોમાભાઇ ગાંડાભાઇ પટેલ (ભાજપ), 1996- સનત મહેતા કોંગ્રેસ, 1998- ભાવનાબેન દવે (ભાજપ) , 1999-સવશીભાઇ મકવાણા ( કોંગ્રેસ), 2004- સોમાભાઇ ગાંડાભાઇ પટેલ (ભાજપ), 2009 સોમાભાઇ ગાંડાભાઇ પટેલ (કોંગ્રેસ), 2014-દેવજીભાઇ ફતેપરા (ભાજપ), 2019- મહેન્દ્રભાઇ મુજપરા (ભાજપ)

### 2022 વિધાનસભામાં શું થયું હતું?

સુરેન્દ્રનગર લોકસભા બેઠક હેઠળ આવતી 7 વિધાનસભાની વર્ષ 2022ની ચૂંટણીમાં ભાજપનું પલડું ભારે રહ્યું. તમામ બેઠકમાં ભાજપના ઉમેદવારોએ બાજી મારી હતી. ત્યારે કોંગ્રેસ કે આમ આદમી પાર્ટીનું ખાતુ પણ નહોતું ખૂલ્યું.

### સુરેન્દ્રનગર લોકસભા બેઠકના મતદારો

| બેઠક | પુરૂષ | મહિલા | કુલ |
|---|---|---|---|
| વિરમગામ | 1,56,004 | 1,46,726 | 3,02,734 |
| ધંધુકા | 1,44,485 | 1,29,535 | 2,74,021 |
| દસાડા | 1,37,523 | 1,26,989 | 2,64,512 |
| લીંબડી | 1,51,138 | 1,36,496 | 2,87,638 |
| વઢવાણ | 1,55,086 | 1,45,184 | 3,00,276 |
| ચોટીલા | 1,37,355 | 1,24,281 | 2,61,645 |
| ધ્રાંગધ્રા | 1,61,067 | 1,47,931 | 3,09,004 |

### સુરેન્દ્રનગર લોકસભા બેઠકમાં આવતી વિધાનસભા બેઠકોના 2022ના પરિણામ

| બેઠક | વિજેતા | મતોની લીડ |
|---|---|---|
| વિરમગામ | ભાજપ | 51707 |
| ધંધુકા | ભાજપ | 34326 |
| દસાડા | ભાજપ | 2179 |
| લીંબડી | ભાજપ | 23146 |
| વઢવાણ | ભાજપ | 65489 |
| ચોટીલા | ભાજપ | 25642 |
| ધ્રાંગધ્રા | ભાજપ | 32973 |

# સામ પિત્રોડા: ગાંધી પરિવારનાં આ વિશ્વાસુએ ફરી કોંગ્રેસને બચાવમાં લાવી દીધી

નેહરુ - ગાંધી પરિવારના વિશ્વાસુ અને રાજીવ ગાંધીના મિત્ર સામ પિત્રોડાએ તેમના વારસાગત સંપત્તિ પર ટેક્સના નિવેદનથી કોંગ્રેસને બચાવની ભૂમિકામાં લાવી દીધી છે. ગુજરાતી સત્યનારાયણ ગંગારામ પિત્રોડા ઉર્ફે સામ હાલમાં ઇન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના વડા છે.

અમેરિકાના શિકાગોમાં સ્થાયી થયેલા 81 વર્ષીય સામ પોતાની ઓળખ ' ટેલિકોમ ઇન્વેન્ટર, ઉદ્યોગ સાહસિક, ડેવલપમેન્ટ થીંકર અને પોલીસી મેકર ' તરીકે આપે છે. આમ તો સામને ભારતમાં ટેલિકોમ ક્રાંતિના જનક તરીકે ઓળખવામાં આવે છે. 1989માં તેઓ તત્કાલીન પ્રધાનમંત્રી રાજીવ ગાંધીના સલાહકાર હતા. તેઓ ભારતના પહેલા ટેલિકોમ કમિશનના અધ્યક્ષ બન્યા. 2005થી 2009 દરમિયાન મનમોહનસિંહના પ્રધાનમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન નોલેજ કમિશનના અધ્યક્ષ રહ્યા. 2009માં તેમને પ્રધાનમંત્રીના પબ્લિક ઇન્ફોર્મેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર અંગેના સલાહકાર બનાવી કેબિનેટ મંત્રી સમકક્ષ દરજ્જો અપાયો. તેઓ રાહુલ ગાંધીના વિદેશના કાર્યક્રમોના સંકલનની પણ જવાબદારી સંભાળે છે. જોકે, ટેકનોલોજીના એક્સપર્ટ એવા સામ તેમની જીભ પર કાબૂ રાખી શકતા નથી અને કોંગ્રેસે ફરી એકવાર ખુલાસો કરવો પડી રહ્યો છે કે પાર્ટી સામના નિવેદન સાથે સંમત નથી. 2019ની ચૂંટણી પહેલા પણ સામે એવું નિવેદન કર્યું હતું કે ગરીબોને લઘુત્તમ આવક મળે તે માટે મધ્યમ વર્ગે વધુ ટેક્સ ચુકવવા તૈયાર રહેવું જોઈએ અને સ્વાર્થી ના બનવું જોઈએ. ભારતે પાકિસ્તાન પર કરેલી સર્જીકલ સ્ટ્રાઈક વખતે પણ તેમણે સવાલ ઉઠાવ્યો હતો કે અમારા સાશનમાં પણ મુંબઈ પર હુમલો થયો હતો, પણ આઠ આતંકી હુમલાની સજા આખા પાકિસ્તાનને આપી ન શકાય.ચૂંટણીમાં ક્યારેય ઊભા નથી રહયા છતાં કોંગ્રેસમાં પાવરફુલ રહેલા આ સામ પિત્રોડા ઝારખંડના તિતલાગઢમાં એક ગુજરાતી પરિવારમાં જન્મ્યા હતાં. તેમણે પ્રાથમિક શિક્ષણ વલ્લભ વિદ્યાનગરમાં લીધુ અને વડોદરાની એમએસયુમાંથી ફિઝિક્સ અને ઇલેક્ટ્રોનિક્સમાં માસ્ટર ડિગ્રી લીધી. 1964માં અમેરિકા ગયા. 1975માં તેમણે ઈલેક્ટ્રોનિક ડાયરીની શોધ કરી. અમેરિકામાં વિશ્વની બેસ્ટ ટેક કંપનીઓમાં તેમણે કામ કર્યું.

ચૂંટણીનાં ચહેરા-મહોરાં
ચૂંટણીના મહત્ત્વના-ચર્ચાતા વ્યક્તિત્વની જાણી-અજાણી વાતો
**સામ પિત્રોડા**



## POLL - ખોલ ચૂંટણી પર રમૂજભરી નજર




# ટકો-મૂંડો ચાંઉ..અડધી સંપત્તિ ખાઉં!

- હેલ્લોવ..!સાંભળ..સંભળાય એવું નથી..!પ્રજાએ એની અડધી સંપત્તિ દેશને આપી દેવાની વાત કોઈક જ્ઞાની સાહેબે કરી છે..!
- દેશની નેવું ટકા સંપત્તિ તો વીસ ટકા જોડે છે !બાકીના એંસી ટકા જોડે તો વાટકો જ બચ્યો છે..!વાટકો અડધો કેવી રીતે થાય..??!!
- તને સમજાવું..!સામાન્ય પબ્લિક પાસે જે વાટકો છે..એ પબ્લિકનો 'ટકો' કરવા માટે જ છે!
- અરે...હા..પેલી દાદીમાનું ભોજન વખતનું બાળગીત યાદ આવી ગયું..!!
- 'ટકો-મૂંડો ચાંઉ..ચાંઉ..
- અડધી રોટલી ખાઉં..ખાઉં..'!!!
- તું બરાબર સમજી ગયો..!વાટકાની અડધી રોટલી ખાઈ ગયા પછી..હવે અડધી સંપત્તિ..


હેલ્લો.. માઈક ટેસ્ટિંગ હેલ્લો..
■ મંગલ દેસાઈ

**પ્રચારસભાના બે માઈકની અંદર-અંદરની વાત... એકનું નામ 'હેલોવ' અને બીજાનું નામ 'માઈક ટેસ્ટિંગ'**

ચાંઉ ચાંઉ..!!
- આમને આમ અડધું ચવાતું રહ્યું તો દેશ સરમુખત્યાર શાહી થઈ જશે કે શું..?!
- મુખના બકવાસો અને શાહિની ઘટના ઉપરથી તો એવું જ લાગે છે !વિકાસની ગતિ સર-મુખ-'અત્યાર'-શાહી તરફ જ છે!
- અત્યારથી જ શાહી...?!?અલ્યા..અત્યારે તો લોકશાહી છે..!!
- લોકશાહીમાં જ્યારે શાહી અને સહી એકતરફી થઈ જાય ત્યારે ફીલિંગ તો સરમુખ-'અત્યાર'-સાહીનું જ આવે.!
- દોસ્ત..ફીલિંગ પે મત જા..વોટિંગ પે જા!!
- આપણે સુરતી મિત્રો તો એ પણ નહીં જઈ શકીયે !લોકશાહીનો એકમાત્ર વોટિંગ અધિકાર હતો એ પણ આ વખતે છીનવાઈ ગયો!
- અરે..પણ..આપણી અડધી સંપત્તિ દેશને આપી દઈશું તો આપણે તો કડકા થઈ જઈશું!
- યાદ રાખો..જે દેશના સેવકો અમીર હોય એની પ્રજા કડકી જ હોય...!!
- પબ્લિક પાસે બચશે શું?!
- માત્ર..ભક્તિ !ગિરધર ગોપાલ..અને પછી ઠન ઠન ગોપાલ!
- ચલો..આપણે અડધી સંપત્તિ દેશને આપી દઈશું પણ સેવકોને કહો..એમને મળતું અડધું પેંશન દેશને આપી દે...!!
- અડધે રાખનારા..અડધું આપતા નથી !દાદીમાં આપણને અડધી રોટલી એટલે પીરસતા હતા કારણ કે અડધી રોટલી તો સિત્તેર વર્ષમાં ક્યારનીય ચાઉં થઈ ગઈ હતી...!!હવે તારું..અડધું-પડધું જે બચ્યું છે..એ જતું ન રહે એના ઉપર ધ્યાન રાખ!
- ટુંઊંઊંઊંઊં!!

